સુવિચાર : ઇનામ કે ધનદોલત તમને સામે ચાલીને મળી આવશે પણ જ્ઞાન તો મહેનતથી મેળવવું પડશે - જે. કૃષ્ણમૂર્તિ

તાપમાન
મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૬ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૩ | ૨ સપ્ટેમ્બર, ૨૦૧૫, બુધવાર ; શ્રાવણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- નિતિશ સરકાર કામોના હિસાબો આપવા તૈયાર નથી : નરેન્દ્ર મોદી
- બજારમાં તીવ્ર મંદી : વધુ ૫૮૭ પોઈન્ટનો મોટો કડાકો બોલાયો
- ભાજપ-સંઘની આજથી ત્રણ દિવસની મહત્વપૂર્ણ બેઠક
- શ્રમ સુધારાના વિરોધમાં આજે દેશવ્યાપી હડતાલ
- આઈએસમાં ઓનલાઈન ક્રેઝ ધરાવનાર યુવાનો વધી રહ્યા છે
- કટક હોસ્પિટલમાં માત્ર બે સપ્તાહમાં ૫૪ શિશુના મોત
- રશિયા- પાકિસ્તાન સંરક્ષણ સોદાથી ભારત હવે ચિંતિત
- લલિત મોદીની ટુંક સમયમાં જ ધરપકડના સંકેત
- મણિપુરમાં હિંસા : ૪ને જીવતા જ સળગાવી દેવાયા
- અમેરિકામાં લાખો લોકોને ત્રાસવાદી સમજીને જાસુસી

# શ્રીલંકામાં ભારતે ઈતિહાસ સર્જયો

**૨૨ વર્ષ બાદ શ્રીલંકામાં ટેસ્ટ શ્રેણીમાં જીત : વિદેશી ધરતી પર ચાર વર્ષ બાદ ભારતે ટેસ્ટ શ્રેણી જીતી લીધી : ક્રિકેટચાહકોમાં ખુશીનું મોજું : પુજારા મેન ઓફ ધ મેચ**



કોલંબો,તા. ૧

કોલંબોના સિંઘાલી સ્પોટ કલબ મેદાન પર રમાયેલી ત્રીજી અને અંતિમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં ભારતે આજે શ્રીલંકા ઉપર ૧૧૭ રને જીત મેળવી હતી. આની સાથે જ ભારતે આ શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી. ભારતે ૨૨ વર્ષના લાંબા ગાળા બાદ શ્રીલંકામાં ટેસ્ટ શ્રેણી જીતી છે. આ અગાઉ ૧૯૯૩માં ભારતે ટેસ્ટ શ્રેણી જીતી હતી. ભારતે વિદેશી ધરતી ઉપર ચાર વર્ષના લાંબાગાળા બાદ કોઈ શ્રેણી જીતી છે. કોહલીના નેતૃત્વમાં ભારતે પ્રથમ વખત શ્રેણી જીતી છે. શ્રીલંકાની ટીમ તેના બીજા દાવમાં ૨૬૮ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતે શ્રીલંકાની સામે જીતવા માટે ૩૮૬ રનનો પડકાર ફેંક્યો હતો. ઈશાંત શર્માએ આ મેચ દરમિયાન આઠ વિકેટ ઝડપી હતી. ભારતીય ટીમ તેના બીજા દાવમાં ૨૭૪ રન બનાવી શકી હતી. જેથી શ્રીલંકા સામે ૩૮૬ રનનો પડકાર આવ્યો હતો. ૩ વિકેટે ૬૭ રનથી આગળ રમતા શ્રીલંકાએ ઝડપથી વિકેટો ગુમાવી હતી. એક પછી એક વિકેટો શ્રીલંકાએ ગુમાવી હતી. જોકે, શ્રીલંકાના કેપ્ટન મેથ્યુસે જીત સામે ઘણી અડચણો ઉભી કરી હતી. મેથ્યુસે ફરી એકવાર કેપ્ટન ઈનિંગ્સ રમીને ૧૧૦ રન બનાવ્યા હતા. ભારત તરફથી ઈશાંત શર્માએ ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે અશ્વિને ૬૯ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત ઉમેશ યાદવે બે

● અનુસંધાન પાન-૭ પર

# બિનસબસિડીવાળા એલપીજી સિલિન્ડરના ભાવમાં પણ ઘટાડો

**સિલિન્ડર દીઠ ૨૫.૫૦ સુધીનો ઘટાડો કરાયો : પેટ્રોલ અને ડિઝલ માટે કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ બિનસબસિડીવાળા એલપીજીના સિલિન્ડરમાં ઘટાડો**

નવી દિલ્હી,તા. ૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ હવે બિનસબ્સિડીવાળા એલપીજી રેટમાં પણ સિલિન્ડર દીઠ ૨૫.૫૦ રેટમાં છેલ્લે પહેલી ઓગસ્ટના દિવસે ૨૩.૫૦ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. તે પહેલા રેટમાં પહેલી જુલાઈના દિવસે સિલિન્ડર દીઠ ૧૮ રૂપિયાનો ઘટાડો



રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આનો મતલબ એ થયો કે એક પરિવારને ક્વોટામાં મળતા ૧૨ સિલિન્ડર બાદ જો ૧૩માં સિલિન્ડરની ખરીદી કરવાની જરૂર પડે તો તેમાં હવે ૨૫.૫૦ રૂપિયા ઓછા ચુકવવા પડશે. દિલ્હીમાં બિનસબ્સિડીવાળા એલપીજી ગેસ સિલિન્ડરની કિંમત હવે ઘટીને પ્રતિ સિલિન્ડર ૫૫૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે, જે અગાઉ ૫૮૫ રૂપિયા હતી. તાજેતરના મહિનાઓમાં ત્રીજી વખત ઘટાડો કરવામાં આવ્યો છે. બિનસબ્સિડીવાળા એલપીજીના કરાયો હતો.

બિનસબ્સિડીવાળા અથવા તો માર્કેટ કિંમતે ઉપલબ્ધ એલપીજીનો મતલબ એ છે કે ગ્રાહકો ૧૨ સિલિન્ડર મેળવી લીધા બાદ જે ૧૩માં સિલિન્ડરની ખરીદી કરે છે તેને બિનસબ્સિડીવાળા એલપીજી સિલિન્ડર તરીકે ગણવામાં આવે છે. સબ્સિડીવાળા એલપીજીની કિંમત દિલ્હીમાં ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરની કિંમત ૪૧૭.૮૨ રૂપિયા છે. દરમિયાનમાં એટીએફની કિંમતમાં પણ ૧૧.૭ ટકા સુધીનો તીવ્ર ઘટાડો કરવામાં આવ્યો છે.

# ગાંધીનગર જિલ્લામાં રક્તપિત્તના નવ દર્દી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાંથી રક્તપિત્તના નવા નવ દર્દીઓ મળી આવ્યા છે જેમાં એક ૧૪ વર્ષીય બાળકનો પણ સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે નવા મળી આવેલા આ દર્દીઓ પૈકી ૬ દર્દીઓ ચેપી રક્તપિત્ત ધરાવતા હોવાનું જણાયું છે જ્યારે ૩ દર્દી બિન ચેપી રક્તપિત્તના લક્ષણો ધરાવતા હોવાનું જણાયુ છે. આ દર્દીઓ હાલ આરોગ્ય તંત્રની સીધી દેખરેખ નીચે સારવાર હેઠળ છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જે નવ દર્દીઓ મળી આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૩ અને દહેગામ-માણસા તથા કલોલમાંથી ૨-૨ દર્દીઓ મળી આવ્યા છે. આ પૈકીના ૪ દર્દી તંત્ર દ્વારા રક્તપિત્તના કેસો માટે ચાલી રહેલા સર્વેલન્સ દરમ્યાન મળી આવ્યા છે.

રક્તપિત્તના દર્દીઓ શોધવા માટે રાજ્યના આરોગ્યતંત્ર દ્વારા દર મહિનાના ત્રીજા શનિવારે સમગ્ર રાજ્યમાં ખાસ ઝુંબેશના ભાગરૂપે સર્વેલન્સ હાથ ધરવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં દર ત્રીજા શનિવારે દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એક ગામની પસંદગી કરી અને ટીમો દ્વારા સર્વેલન્સ કરવામાં આવે છે.

આ સર્વેલન્સમાં ટીમના એક મેમ્બરના ફાળે ૫૦ જેટલા આવાસો આવતા હોય છે.

● અનુસંધાન પાન-૭ પર



નાગ પંચમી - આજે નાગ પંચમીના પાવન પર્વે નાગ દેવતાના પૂજન અર્ચન વિવિધ મંદિરોમાં યોજાશે... ગોગાબાપાના મંદિરો ઉત્તર ગુજરાતના ગામે ગામ ભાવિકોથી છલકાશે... અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં નાગ પંચમીની પૂર્વ સંધ્યાએ તડામાર તૈયારીઓ ચાલી રહી હતી... ભારતીય સમાજ જીવનમાં નાગ દેવતાના પૂજન-અર્ચન દ્વારા પ્રાર્થના કરાય છે કે, હે નાગ દેવતા સૌનું રક્ષણ કરજો ને સૌને છત્રછાયા આપજો....

# માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠકમાં ઐતિહાસિક નિર્ણય

**ધોરણ-૧૨ સુધી નામ, અટક, જન્મ તારીખની ભુલો સુધારી શકાશે : વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિમાં રહેલ ખામીઓ અંગે સમીક્ષાને હાથ ધરવાનો શિક્ષણ બોર્ડનો નિર્ણય**

ગાંધીનગર, તા.૦૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભા આજે ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં વિદ્યાર્થીઓને નામ, અટક અને જન્મતારીખમાં રહેલી ભુલ સુધારવા માટે ધોરણ-૧૦ સુધી અપાતી મંજુરીને હવે ધોરણ-૧૨ સુધી લંબાવવામાં આવી છે. એટલે કે, વિદ્યાર્થીઓ હવે ધોરણ-૧૨ સુધી પોતાના નામ, અટક કે જન્મતારીખમાં રહેલી ભુલને સુધારી શકાશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની સામાન્ય સભા આજે મળી હતી. જેમાં બોર્ડના સભ્ય ભરત ચૌધરીએ વિદ્યાર્થીઓને નામ, અટક અને જન્મ તારીખમાં રહેલી ભુલ સુધારવા માટે ધોરણ-૧૦ સુધીની સમય મર્યાદા વધારીને ધોરણ-૧૨ સુધી લંબાવવાની માંગણી કરી હતી. ભરત ચૌધરીએ પોતાની રજુઆતમાં જણાવ્યું હતું કે,પોતાના નામ, અટક કે જન્મતારીખમાં કોઈ ભુલ રહેલી છે તેનું વિદ્યાર્થીઓને નાનપણમાં સમજાતું નથી. જેથી જે બાળકોના માતા-પિતા જાગૃત ન હોય તેવા બાળકો ધોરણ-૧૦ સુધી ભુલ સુધરાવવા અરજી કરતા નથી, જેના કારણે તેમણે પછી આગળના અભ્યાસક્રમ અને નોકરીમાં આ ભુલ સાથે જ ચલાવવું પડતું હોય છે.

બોર્ડની સામાન્ય સભામાં ભરત ચૌધરીના આ પ્રસ્તાવ પર ચર્ચા કર્યા બાદ અંતે મંજુરી આપી દેવામાં આવી હતી. જે અંતર્ગત હવે ધોરણ-૧૨ સુધીમાં વિદ્યાર્થીઓ પોતાના સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમાં રહેલ નામ, અટક કે જન્મતારીખની ભુલ સુધારી શકશે. આ ઉપરાંત આજની શિક્ષણ બોર્ડની સામાન્ય સભામાં બોર્ડના સભ્યો દ્વારા વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પદ્ધતિ ઝડપથી રદ કરવા માટે ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી.




# પાટીદાર અનામત આંદોલનને અહિંસક રીતે આગળ વધારાશે

## સુરતમાં મહત્વપૂર્ણ બેઠક બાદ નિર્ણય કરાયો : દાંડીયાત્રાનું આયોજન

અમદાવાદ, તા.૧

પાટીદાર અનામત આંદોલનને અહિંસક રીતે આગળ વધારવા માટેના કાર્યક્રમની આજે તૈયારી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે પાટીદાર અનામત આંદોલન સમિતિ ગુજરાતના કન્વીનર હાર્દિક પટેલના નેતૃત્વમાં દાંડી યાત્રા યોજવાની જાહેરાત કરવામાં આવી હતી. આ સિવાય સુરતમાં હિંસાગ્રસ્ત વિસ્તારોમાં પ્રતિક ઉપવાસ કરવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. હાર્દિક પટેલે કહ્યું હતું કે, હવે પછીનું આંદોલન એકદમ શાંતિપૂર્ણ રીતે આગળ વધશે. કોઈ જ હિંસા પાટીદારોના નામે ન થાય તેનું ધ્યાન રાખવામાં આવશે. પ્રતિક ઉપવાસ કરવામાં આવશે. શ્રદ્ધાંજલિ કાર્યક્રમો પણ યોજવામાં આવશે. ટૂંકમાં પાટીદાર અનામત આંદોલન શાંતિપૂર્ણ માહોલમાં હજુ આગળ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હાર્દિક પટેલ પણ બેઠકના ભાગરૂપે સુરત પહોંચ્યા હતા. પાટીદાર અનામત આંદોલનના બીજા તબક્કાની આજે સુરતમાં જાહેરાત કરવામાં આવી હતી. જેમાં પાટીદાર આંદોલન સમિતિની કન્વિનરે જણાવ્યું હતું કે, અમદાવાદની રેલી બાદ રાજયભરમાં હિંસક માહોલ ફેલાયો હતો. જેમાં અસામાજિક

તત્વોએ પાટીદારોના નામે સરકારી વસ્તુઓને નુકસાન પહોંચાડ્યું હતું. જ્યારે પાટીદારોને પોલીસ તરફથી ઘણુ સહન કરવાનો વારો આવ્યો છે અને હિસાંમાં કુલ

● અનુસંધાન પાન-૭ પર